

| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | ૨૪/૧૧/૨૦૨૩ |
| કેસ રજી.લીધા તા. | ૨૪/૧૧/૨૦૨૩ |
| ઠરાવ જાહેર કર્યા તા. | ૧૩/૦૩/૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ : માસ : દિવસ : |

---

**પોરબંદરના નામદાર બીજા એડી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ પોરબંદર**

---

**ફોજદારી કેસ નં.૫૦૭૧/૨૦૨૩**
**આંક– ૩૭**

**શ્રી સ ર કા ર .....ફરીયાદી**

**–: વિરૂધ્ધ :–**

**અરજણભાઇ ગાંગાભાઇ કડછા ઉ.વ.૬૬**
**રહે. ચાપા બેરાજા ગામ, ખોજા બેરાજા**
**તરફના રસ્તે, પાણીના ટાંકા પાસે**
**વાડી વિસ્તાર, તા.જી.જામનગર**
**રહે. હાલ કુવાડવા જી.આઇ.ડી.સી. ઇન્ડીયા પ્લેસ**
**હોટલ સામે, ખોડીયાર હોટલ પાસે, રાજકોડ હાઇવે**
**કુચીયાદડ ગામ, તા.કુવાડવા,જી.રાજકોટ .....આરોપી**

**ગુનો:– આઇ.પી.સી. કલમ–૪૦૬,૪૨૦ મુજબ**

---

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી એસ.બી.પરમાર**
**આરોપી તરફે વિ.વ.શ્રી. જે.એમ.ચાવડા**

---

**–:: ઠ રા વ ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, ગઇ તા.૦૧/૧૨/૨૦૧૮ થી તા. ૦૧/૦૮/૨૦૨૧ ના ૨૦:૦૦ વાગ્યાના અરસામાં ફરીયાદી દેવશીભાઇ ગાંગાભાઇ કેશવાલાની ટ્રેકટરની ટ્રોલી જેના રજી.નં. જી.જે.–૧–ટી–૮૨૬૫ ની

તહોમતદારે રૂા. ૨૦,૦૦૦/– માં રીપેરીંગ માટે આપેલ હોય તે ઉપરાંત ફરીયાદીની પાસે ટ્રોલી રીપેરીંગ માટે તહોમતદારને વધુ રકમની માંગણી કરતા કુલ રૂા.૪૨,૫૦૦/– રોકડા આપેલ તથા રૂા. ૧૨,૫૩૪/– નો ટ્રોલી રીપેરીંગનો સામાન લઈ આપેલ તેમ છતાં ફરીયાદીની ટ્રોલી તહોમતદારે રીપેર નહી કરી અને બારોબાર કોઈને ભંગારમાં વેંચી નાંખી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો કરી તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ કરતા, આરોપી અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપી વિરૂધ્ધ મારા પુરોગામી સાહેબશ્રી દ્વારા આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી આંક–૦૪ થી થી પ્લી નોંધવામાં આવતા, આરોપીએ તેની સામેનાં ગુન્હાનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ રાખેલ છે.

–:મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો:–

| | |
|---|---|
| **આંક–૦૭** | **અટક પંચનામું** |
| **આંક–૦૯** | **ફરીયાદી દેવશીભાઈ ગાંગાભાઈ કેશવાલાની જુબાની** |
| **આંક–૧૦** | **ફરીયાદ** |
| **આંક–૧૧** | **સાહેદ નબાભાઈ કેશવભાઈ ઓડેદરાની જુબાની** |
| **આંક–૧૩** | **પંચસાહેદ લાખાભાઈ મુંજાભાઈ મોરીની જુબાની** |
| **આંક–૦૬/૧૪** | **ગુનાવાળી જગ્યાનું પંચનામું** |
| **આંક–૧૫** | **સાહેદ લાખાભાઈ મુંજાભાઈ મોરીની જુબાની** |
| **આંક–૧૬** | **સાહેદ ડાયાભાઈ પરબતભાઈ મોરીની જુબાની** |
| **આંક–૧૭** | **સાહેદ રાજાભાઈ હિરાભાઈ કોડીયાતરની જુબાની** |
| **આંક–૨૧** | **સાહેદ રમેશભાઈ હરીદાસ લાખાણીની જુબાની** |

| | |
|---|---|
| **આંક–૨૨** | **સાહેદ વિશાલભાઇ જેઠાભાઇ કેશવાલાની જુબાની** |
| **આંક–૨૩** | **સાહેદ રામભાઇ કરશનભાઇ ઓડેદરાની જુબાની** |
| **આંક–૩૩** | **તપાસ અમલદાર સંદિપભાઇ રામભાઇ ચાવડાની જુબાની** |
| **આંક–૩૪** | **ફોરવર્ડીંગ લેટર** |

(૪) ત્યારબાદ સદર કામે આરોપીનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમા તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ની તથા બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદાઓ :–**

| | |
|---|---|
| **(૧)** | **શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઇ તા.૦૧/૧૨/૨૦૧૮ થી તા. ૦૧/૦૮/૨૦૨૧ ના ૨૦:૦૦ વાગ્યાના અરસામાં ફરીયાદી દેવશીભાઇ ગાંગાભાઇ કેશવાલાની ટ્રેકટરની ટ્રોલી જેના રજી.નં. જી.જે.–૧–ટી–૮૨૬૫ ની તહોમતદારે રૂા. ૨૦,૦૦૦/– માં રીપેરીંગ માટે આપેલ હોય તે ઉપરાંત ફરીયાદીની પાસે ટ્રોલી રીપેરીંગ માટે તહોમતદારને વધુ રકમની માંગણી કરતા કુલ રૂા.૪૨,૫૦૦/– રોકડા આપેલ તથા રૂા. ૧૨,૫૩૪/– નો ટ્રોલી રીપેરીંગનો સામાન લઇ આપેલ તેમ છતાં ફરીયાદીની ટ્રોલી તહોમતદારે રીપેર નહી કરી અને બારોબાર કોઇને ભંગારમાં વેંચી નાંખી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?** |
| **(૨)** | **શું હુકમ ?** |

(૬) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | **નકારમાં** |
| **(૨)** | **આખરી હુકમ મુજબ** |

**– :કારણો :–**

આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાને વિસ્તારથી ધ્યાને લેવામાં આવે તો,

**<u>ફરીયાદીનો પુરાવો :–</u>**

(૭) ફરીયાદ પક્ષે **આંક–૦૯ થી ફરીયાદી દેવશીભાઇ ગાંગાભાઇ કેશવાલા** એવો પુરાવો આપે છે કે,બનાવ સને ૨૦૨૧ ના અરસામાં બનેલો. મે મારી ટ્રેકટર ટ્રોલી નં.જીજે. ૧.ટી.૮૨૬૫ વાળી અરજન ગાંગા કડછાને રીપેરીંગ કરવા માટે આપેલી હતી અને આ ટ્રોલી રૂપીયા ૨૨૦૦૦/– માં રીપેરીંગ કરી આપવાની વાત થયેલ હતી. ત્યારપછી આ ટ્રોલી હું અરજન ગાંગાને ત્યાં રીપેરીંગ માટે મુકી આવેલ અને અરજનભાઈએ એક મહીનામાં રીપેરીંગ કરી દેવાનુ જણાવેલ હતુ અને વારંવાર મહીના બે મહીનાથી મુદત આપીને મારી ટ્રોલી રીપેરીંગ કરી ન આપેલ.ત્યારપછી તેને પૈસાની જરૂરીયાત હોય મારી પાસે પૈસા માંગતા મે રૂ.૨૨૦૦૦/– આપેલા અને બીજી વખત રૂ.૫૦૦૦/– આપેલા અને અરજનભાઈના કહેવાથી રૂ.૧૦૦૦૦/– અરજનભાઈના સગા ગીગાના જેઠાના ખાતામાં ભીમ એપ થી ટ્રાન્સફર કરી આપેલ અને અરજનભાઈના કહેવાથી ટ્રોલી રીપેરીંગ માટે રૂ. ૧૦૦૦૦/– નો માલ મે તેને લઈ આપેલો અને ત્યારપછી ભાણેજના લગ્ન છે તેવુ જણાવી અરજનભાઈએ મારી પાસેથી રૂ.૫૦૦૦/– લીધેલા અને ત્યારપછી ટ્રોલીમાં રૂ.૨૦૦૦/– નો કલર મે લઈ આપેલ અને આમ અવાર નવાર ખોટા બહાના કરી મારી ટ્રોલી રીપેરીંગ ન કરી આપેલ.ત્યારપછી અરજનના છોકરાએ આવીને મને કહેલ કે તમારી ટ્રોલી વેંચી નાંખેલ છે જેથી મે હાલની ફરીયાદ આપેલી. જે આ કામે **આંક–૧૦** થી રજુ છે.

જયારે સદર ફરીયાદીએ આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે, હું ભણેલ ગણેલ છું અને મને વાંચતા લખતા આવડે છે. સદર ટ્રોલી મે સને–૨૦૧૧ ની સાલમાં જુની ખરીદ કરેલી અને તે વખતે એક માલીક

હતા તેવું મને આ ટ્રોલી વેંચનારે જણાવેલું. આંક–૧૦ ની ફરીયાદમાં એવું લખેલ નથી કે '' ત્યારપછી અરજનના છોકરાએ આવીને મને કહેલ કે તમારી ટ્રોલી વેંચી નાંખેલ છે ''. હું અરજનભાઇને સને–૨૦૧૫ ની સાલથી ઓળખું છું. અરજનભાઇને ટ્રોલી રીપેરીંગ માટે આપેલી તે અંગે અમારા વચ્ચે કોઇ લેખીત કરાર થયેલ ન હતો પરંતુ મૌખિક વાત થયેલી. સામાન્ય રીતે કોઇપણ દુકાને આપણે કોઇપણ વસ્તુ ખરીદી કરવા જઇએ ત્યારે બીલ લેવામાં આવે છે. મે અરજનભાઇને કુલ રૂા. ૫૨,૦૦૦/– આપેલા.

સવાલ : તમે અરજનભાઇને કેવી રીતે પૈસા આપેલા ?

જવાબ : પ્રથમ રૂા. ૨૨,૦૦૦/–, પછી રૂા. ૧૦,૦૦૦/– ત્યારબાદ રૂા. ૫,૦૦૦/– રૂા. ૧૦,૦૦૦/– નો માલ લઇને અરજનભાઇને આપેલ, રૂા. ૨,૦૦૦/– કલર માટે રૂા. ૩,૦૦૦/– માલ લેવા માટે આપેલા, અરજનભાઇની પત્નીને રૂા. ૨,૦૦૦/– આપેલા.

ઉપરોકત રકમની ગણતરી કરતા રૂ.૫૪૦૦૦/– થાય છે.મે અરજનભાઈ સાથે કામ રૂ.૨૨૦૦૦/– નકકી કરેલા પરંતુ મે રૂ.૫૪૦૦૦/–આપેલા.મે અરજનભાઈને રૂ.૧૦૦૦૦/–નો માલ ખરીદ કરીને આપેલો જે અંગેનુ બીલ તપાસ કરનાર અધિકારીને મે આપેલુ.મારા કોઈ ઓળખીતા કે સગા પોલીસમાં નથી.હું ટ્રોલી અંગેની ફરીયાદ માધવપુર પોલીસ સ્ટેશને લખાવવા માટે આશરે પાંચ થી છ વખત ગયેલો.

<u>**સાહેદનો પુરાવો :–**</u>

(૮) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૧ થી સાહેદ નબાભાઇ કેશવભાઇ ઓડેદરા** એવો પુરાવો આપે છે કે, બનાવ સને ૨૦૨૨–૨૩ ના અરસામા બનેલો. અમારા કબજામા અરજનભાઇ રહેતો હતો અને વેલ્ડીંગ ટાંકા ટેભા કરતો હતો.આ સિવાય બનાવ અંગે મને કોઇ જાત માહિતી નથી.

જયારે સદર સાહેદે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે, ફરીયાદ વાળા બનાવ અંગે મને કોઇ જાત માહિતી નથી.

(૮.૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૨૩ થી સાહેદ રામભાઇ કરશનભાઇ ઓડેદરા** એવો પુરાવો આપે છે કે,બનાવની તારીખ મને યાદ નથી. બનાવ

આશરે ત્રણ ચાર વર્ષ પહેલા બનેલો. મારા પાડોશી દેવશીભાઈ નાગાભાઈ કેશવાલાએ મને વાત કરેલ કે ગેરેજ વાળાએ મારી ટ્રોલી વેંચી નાંખેલ છે.આ ટ્રોલી દેવશીભાઈએ રીપેરીંગ કરવા માટે અરજનભાઈને આપેલી જેનું પુરૂ નામ મને ખબર નથી તથા ટ્રોલી રૂા.૪૫૦૦૦/– માં રીપેરીંગ માટે આપેલી અને તે ભાઈએ ટ્રોલી વેંચી નાંખેલી અને દેવશીભાઈને પૈસા પરત કરેલ નહી.જે ટ્રોલી તથા ટ્રેકટરનો નંબર મને યાદ નથી. આ સિવાય ટ્રોલી બાબતે વિશેષ મને કાંઈ ખબર નથી.

જયારે સદરહું સાહેદે આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે, આ વાતની ખબર મને દેવશીભાઈએ કરતા જાણ થયેલી એ સિવાય અંગત કોઈ માહિતી નથી.

**<u>પંચસાહેદનો પુરાવો :–</u>**

(૯) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૩ થી પંચસાહેદ લાખાભાઈ મુંજાભાઈ** મોરી **આંક–૧૪** થી રજુ પંચનામાંમાં તેમની સહી ઓળખી બતાવે છે એ સિવાય પંચનામાં બાબતે તેઓ કાંઈ જાણતા નથી.સદરહું પંચસાહેદ પંચનામાંની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી.ને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપેલ હોવા છતાં સદરહું પંચસાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ નિવડતો નથી.

**<u>હોસ્ટાઈલ સાહેદનો પુરાવો :–</u>**

(૧૦) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૫ થી સાહેદ લાખાભાઈ મુંજાભાઈ મોરી** એવો પુરાવો આપે છે કે, બનાવની તારીખ હાલ મને યાદ નથી. બનાવ આશરે ત્રણ ચાર વર્ષ પહેલા બનેલો. બનાવ વખતે અમારા ગામના દેવશી ગાંગા કેશવાલાએ પોતાના ટ્રેકટરની ટ્રોલી અરજણભાઈને રીપેર કરવા માટે આપેલ અને ત્યારપછી ટ્રોલી બાબતે તેઓ વચ્ચે શું થયેલ તે અંગે મને કોઈ જાત માહિતી નથી. પોલીસે મને ટ્રોલી જોયા અંગેનું પુછેલું બીજી કોઈ પુછપરછ કરેલ નહી.

(૧૦.૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૬ થી સાહેદ ડાયાભાઈ પરબતભાઈ મોરી** એવો પુરાવો આપે છે કે,બનાવની તારીખ હાલ મને યાદ નથી. બનાવ આશરે બે વર્ષ કરતા વધારે સમય પહેલા બનેલો. બનાવ વખતે અમારા ગામના

દેવશી ગાંગા કેશવાલાએ પોતાના ટ્રેકટરની ટ્રોલી અરજણભાઇને રીપેર કરવા માટે આપેલ અને ત્યારપછી ટ્રોલી બાબતે તેઓ વચ્ચે શું થયેલ તે અંગે મને કોઇ જાત માહિતી નથી. પોલીસે મને ટ્રોલી જોયા અંગેનું પુછેલું બીજી કોઇ પુછપરછ કરેલ નહી.

(૧૦.૨) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૭ થી સાહેદ રાજાભાઈ હિરાભાઇ કોડીયાતર** એવો પુરાવો આપે છે કે,બનાવની તારીખ હાલ મને યાદ નથી. બનાવ આશરે બે વર્ષ કરતા વધારે સમય પહેલા બનેલો. બનાવ વખતે અમારા ગામના દેવશી ગાંગા કેશવાલાએ પોતાના ટ્રેકટરની ટ્રોલી અરજણભાઇને રીપેર કરવા માટે આપેલ અને ત્યારપછી ટ્રોલી બાબતે તેઓ વચ્ચે શું થયેલ તે અંગે મને કોઇ જાત માહિતી નથી. પોલીસે મને ટ્રોલી જોયા અંગેનું પુછેલું બીજી કોઇ પુછપરછ કરેલ નહી.

(૧૦.૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૨૧ થી સાહેદ રમેશભાઇ હરીદાસ લાખાણી** એવો પુરાવો આપે છે કે, હું પોરબંદરમાં લોખંડનો ધંધો કરૂં છું. આજથી બે વર્ષ પહેલા પોલીસે આવીને મારૂ નામ, સરનામું પુછેલું આ સિવાય બનાવ અંગે અન્ય કોઇ જાત માહિતી નથી.

(૧૦.૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૨૨ થી સાહેદ વિશાલભાઇ જેઠાભાઇ કેશવાલા** એવો પુરાવો આપે છે કે,બે વર્ષ પહેલા પોલીસે મારા પપ્પાના મોબાઇલમાં ફોન કરી મારૂ નામ, સરનામું પુછેલું આ સિવાય બનાવ અંગે અન્ય કોઇ જાત માહિતી નથી.

આમ ઉપરોકત તમામ સાહેદોએ તેમના નિવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી.ને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપેલ હોવા છતાં સદરહું સાહેદોનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ નિવડતો નથી.

**<u>તપાસ અમલદારનો પુરાવો :–</u>**

(૧૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૩૩ થી તપાસ અમલદાર સંદિપભાઇ રામભાઇ ચાવડા** એવો પુરાવો આપે છે કે,ગત તા.૯/૬/૨૩ ના અરસામાં અમો માધવપુર પો.સ્ટે માં પી.એસ.આઇ તરીકે ફરજ પર હતા તે વખતે માધવપુર

પો.સ્ટે ગુ.ર.નં.૧૩૮/૨૦૨૩ આઈ.પી.સી કલમ ૪૦૬,૪૨૦ અન્વયેની તપાસ પી.એસ.ઓ તરફથી મળતા અમોએ સંભાળી લીધેલ. જેનો ફોરવર્ડીંગ લેટર **આંક–૩૪** થી રજુ છે. અમોને તપાસના કામે તપાસના કાગળો સાથે ફરીયાદની નકલ મળેલ.જે અમોએ તપાસના કામે વંચાણે લીધેલ જેઅ સલ ફરીયાદ સદર કામે **આંક–૧૦** થી રજુ છે.અમોને તપાસ મળતા બે પંચોની હાજરીમાં બનાવસ્થળે જઈ ભોગ બનનારે બતાવ્યા મુજબનું વિગતવારનું બનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ જેમા અમારા રૂબરુ પંચોએ તેમજ અમોએ અમારી સહી કરેલી જે ઓળખી બતાવી **આંક–૦૬** થી રજુ છે.સદર ગુન્હાની તપાસના કામે અમોએ આરોપી અરજન ગાંગા કડછાને બે પંચોની હાજરીમાં આરોપીને અટક કર્યાનુ પંચનામું કરવામાં આવેલ જેમા અમારા રૂબરુ પંચોએ તેમજ અમોએ અમારી સહી કરેલી. જે ઓળખી બતાવી પંચનામું **આંક–૦૭** થી રજુ છે.ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલ અને સમગ્ર તપાસના અંતે આ કામના આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા હાલનુ ચાર્જશીટ કરેલ.

જયારે સદર ત.ક.અ.શ્રી.એ આરોપી તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે,તેમને માત્ર આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ એ સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.બનાવની ચોકકસ તારીખ હાલ મને યાદ નથી.બનાવ સને ૨૦૧૮ ની સાલમાં બનેલો.ગુન્હો જાહેર થયા તા.૯/૬/૨૦૨૩ છે.ગુન્હો મોડો જાહેર થવા સબંધેનુ કારણ મારી તપાસ દરમ્યાન પણ ખુલેલ નથી.સદર ગુન્હાની તપાસાના કામે આ કામના ફરીયાદીને મારે ત્રણ થી ચાર વાર મળવાનુ થયેલુ.મારી તપાસ દરમ્યાન આરોપી ગેરેજ ધરાવતા હોય તેવી કોઈ હકીકત ખુલેલ નથી.સાહેદ જણાવે છે કે પંચનામા સમયે બનાવસ્થળે કોઈ ગેરેજ અસ્તિત્વમાં કે કોઈ ચીજવસ્તુ પણ ન હતી.ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આરોપીના ગેરેજનુ કોઈ નામ જણાવેલ નથી. મારી તપાસ દરમ્યાન કોઈપણ સાહેદોના નિવેદનમાં આરોપીના ગેરેજનુ નામ ખુલવા પાસેલ હોય તેવુ બનેલ નથી.ટ્રેકટર અને તેની ટ્રોલીના રજીસ્ટ્રેશન નંબર અલગ અલગ હોય છે.સામાન્ય સંજોગોમાં ટ્રોલીનુ સમારકામ કરાવતા પહેલા તેનો અંદાજીત

ખર્ચ આપવામાં આવે છે.મે મારી તપાસ દરમ્યાન ટ્રોલી ક્યારેય જોયેલ નથી કે કબજે પણ લેવામાં આવેલ નથી.મને એ વાતની ખબર નથી કે ફરીયાદીએ સદર ફરીયાદ સબંધેની રજુઆત મુખ્યમંત્રી ફરીયાદ નિવારણ કેન્દ્રમાં કરેલ હતી.સાહેદ જણાવે છે કે ફરીયાદીએ અન્ય જગ્યાએ પોતાની રજુઆત કરેલ હતી પરંતુ કઈ જગ્યાએ કરેલી હતી તે હાલ મને યાદ નથી.સાહેદ જણાવે છે કે ટ્રોલી શોધવાના અમે ઘણા પ્રયાશ કરેલા પરંતુ ટ્રોલી અમને મળી આવેલ ન હતી.બનાવ સ્થળેથી કોઈ વાંધા જનક વસ્તુ કબજે કરેલ ન હતી.

**<u>પુરાવાકીય મુલ્યાંકન :–</u>**

(૧૨) હાલના કામે આરોપી પર તા.૦૧/૧૨/૨૦૧૮ થી તા. ૦૧/૦૮/૨૦૨૧ ના ૨૦:૦૦ વાગ્યાના અરસામાં ફરીયાદી દેવશીભાઇ ગાંગાભાઇ કેશવાલાની ટ્રેકટરની ટ્રોલી જેના રજી.નં. જી.જે.–૧–ટી–૮૨૬૫ ની તહોમતદારે રૂા. ૨૦,૦૦૦/– માં રીપેરીંગ માટે આપેલ હોય તે ઉપરાંત ફરીયાદીની પાસે ટ્રોલી રીપેરીંગ માટે તહોમતદારને વધુ રકમની માંગણી કરતા કુલ રૂા.૪૨,૫૦૦/– રોકડા આપેલ તથા રૂા. ૧૨,૫૩૪/– નો ટ્રોલી રીપેરીંગનો સામાન લઈ આપેલ તેમ છતાં ફરીયાદીની ટ્રોલી તહોમતદારે રીપેર નહી કરી અને બારોબાર કોઇને ભંગારમાં વેંચી નાંખી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦ મુજબનો આરોપ મુકવામાં આવેલ છે. જે અનુસંધાને આ કામે ફરિયાદ પક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાને મુલવવામાં આવે તો,

(૧૨.૧) આ કામે ફરીયાદી પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ આ કામના આરોપી પાસે ટ્રોલી રીપેરીંગ માટે મુકી આવેલ હતા અને એક મહીનામાં રીપેર કરવાનુ કહીને ટ્રોલીને રીપેર કરી આપેલ ન હતી અને બે મહીના સુધી પરત પણ આપેલ ન હતી ટ્રોલી રીપેરીંગના ફરીયાદીએ આરોપીને રૂપીયા ૧૦,૦૦૦/– અંકે દસ હજાર પુરા ઓન યુ.પી.આઇ મારફત આપેલ હતા . અને ત્યારબાદ આરોપીએ જણાવેલ કે ફરીયાદીની ટ્રોલી વેચી નાખેલ છે. આ કામે ફરીયાદી તર્ફે

તેઓએ આરોપીને ટ્રોલી રીપેરીંગની યુ.પી.આઇ. મારફત ચુકવેલ રકમ સંબધેનો કોઇ પુરાવો રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. જ્યારે સાહેદ રામભાઇ કરશનભાઇ ઓડેદરા પોતાની આંક્ ૨૩ ની જુબાનીમાં જણાવે છે કે દેવશીભાઇ નાગાભાઇ કેશવાલાએ ટ્રોલી રીપેરીંગ કરવા માટે અરજણભાઇને આપેલ હતી અને ટ્રોલી રીપેરીંગના રૂપીયા ૪૫,૦૦૦/– આપેલ હતા અને તે ભાઇએ ટ્રોલી વેચી નાંખેલ હતી. જે સાહેદ પોતાની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે તેઓને બનાવની જાણ દેવશીભાઇએ કરેલ બાકી તેઓને બનાવ સંબધે કોઇ જાત માહીતી નથી.વધુમાં આ કામે ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદ નબાભાઇકિશવભાઇ ઓડેદરા પોતાની આંક ૧૧ ની જુબાનીમાં બનાવ બાબતે તેઓને કોઇ માહીતી ન હોવાનુ જણાવે છે. તેમજ સાહેદ ડાયાભાઇ પરબતભાઇ મોરી પોતાની આંક ૧૬ ની જુબાનીમાં પણ તમામ બનાવનો ઇનકાર કરે છે જેઓને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને તેઓની વિગતવારની ઉલટ તપાસ લેવામાં આવેલ છે જેમાં પણ તેઓએ ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપેલ નથી. ત્યારબાદ સાહેદ રાજાભાઇ હીરાભાઇ કોડીયાતર પોતાની આંક ૧૭ની તથા સાહેદ રમેશભાઇ હરીદાસ લાખાણી પોતાની આંક ૨૧નીજુબાનીમાં તથા વિશાલભાઇ જેઠાભાઇ કેશવાલા આંક: ૨૨ ની જુબાનીમાં તમામ બનાવનો સાફ શબ્દોમાં ઇનકાર કરે છે જેઓને ફરીયાદપક્ષે એપીપીશ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છેઅને તેઓની એપીપીશ્રી દ્વારા વિગતવારની ઉલટ તપાસ લેવામાં આવેલ છે જેમાં પણ તેઓએ તમામ હકીકતનો સાફ ઇનકાર કરેલ છે. આમ, આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકતને સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળી આવતુ નથી.

(૧૨.૨) વધુમાં હાલના કામે તપાસ કરનાર અમલદારશ્રીની જુબાની ધ્યાને લેતા આ કામે તપાસ દરમ્યાન આરોપી ગેરેજ ચલાવતા હોય તેવી કોઇ હકીકત ખુલેલ નથી. તેમજ તેઓએ પોતાની તપાસ દરમ્યાન ટ્રોલી કબ્જે કરેલ હોય તેવુ પણ બનેલ નથી. આમ, આ કામે આરોપીએ જે ટ્રોલી વેચી નાંખેલ હોવાનુ જણાવે છે તે ટ્રોલી કબ્જે કરવામાં આવેલ હોય કે કોને વેચી નાખેલ છે તે બાબત ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી.જે તમામ હકીકત ધ્યાને લેતા આ કામે

ફરીયાદી પાસે ટ્રોલી હોવાનુ તથા તે ટ્રોલી ફરીયાદીએ આરોપીને રીપેરીંગ માટે આપેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ પર સાબિત કરી શકેલ નથી એટલુ જ નહી આ કામના તપાસ કરનાર અમલદારશ્રી પોતાની જુબાનીમાં જણાવે છે કે તેઓની તપાસમાં આરોપી ગેરેજ ચલાવતા હોય તેવી કોઇ હકીકત ખુલવા પામેલ નથી. આમ, હાલના કામે ફરીયાદપક્ષ આરોપીએ ફરીયાદી સાથે ટ્રોલી રીપેરીંગ કરવાના બહાને પૈસા પડાવીને ફરીયાદીની ટ્રોલી વેચી નાંખીને ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોય તે હકીકત રેકર્ડ પર સાબિત કરેલ ન હોય મુદ્દા નંબર ૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર ૨ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: <u>હુકમ</u> ::–**

**૧.** આ કામે હાલના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) હેઠળ ઇ.પી.કોડની કલમ ૪૦૬,૪૨૦ ના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭ એ મુજબ રૂપીયા ૧૫,૦૦૦/– અંકે પંદર હજાર પુરાના જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ **તા.૧૩ મી માહે માર્ચ સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**તા.૧૩/૦૩/૨૦૨૬**
**પોરબંદર**

**કોમલ કુનાલ રાઠોડ**
**બીજા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,પોરબંદર**
**જજ કોડ નં. જીજે–૦૧૧૩૦**